## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

સાજિયા, બિન્ની, કિરણ બેદીને ભિડાવે છે,
કેજરીવાલને એનાં જ લક્ષ્યથી લડાવે છે,
ચડાવે ચાણક પદની, રડાવે ચૂંટણી પછી -
દિલ્હીની ચૂંટણીમાં ચાણક્ય અમિત પડાવે છે.

### હાઈકુ

ચાલે ન અહીં,
કંઇ તાજાતરોજા-
'વાસી' ચગે છે.
(વાસી ઉત્તરાયણ -
નગરની માનસિકતા)

પદની આશામાં
લંડ્યાં બધાંથી, બેદી
જિંદગી ભર..
(ભાજપમાં દેખાયું 'કિરણ')

### ચિંતન

**સર્પસ્ય રત્ને, કૃપણસ્ય વિત્તે, સત્યાઃ કુચે, કેસરિણશ્ચ કેરો ।**
**માનોન્નતાનાં શરણાગતે ચ મૃતૌ ભવેદન્ય કર પ્રચારઃ ॥**

સર્પના માથે રહેલા મણિ પર, અને કૃપણ-લોભીના ધન ઉપર, સતી-સદ્ ચારિત્ર્યવાળી સ્ત્રીના સ્તન ઉપર, અને કેસરીયાળ, સિંહની કેશવાળી ઉપર, અને સન્માનથી રહેલા માનનીય વડીલના આશ્રિત ઉપર - બીજા કોઇનો હાથ-તે બધાના મૃત્યુ પછી જ પડી શકે - (અર્થાત તેમનાં જીવતા જીવ અહીં દર્શાવેલ બાબતોને કોઇ વિક્ષિપ્ત ન કરી શકે - તેમની છત્રછાયા-આશ્રય-સુરક્ષા, મક્કમ નિર્ણયમાંથી કોઇ એમને મૃત્યુ પર્યંત ચલિત કરી શકે નહિં)

સર્પનો ડર અને ભયંકરતાને કારણે એને માથે રહેલો મણિ લેવો કોઇ પ્રયત્ન જ કરતું નથી.

લોભી પોતાના ધન પ્રત્યે એટલો જાગૃત અને ચિંતત હોય કે એ કોઇને કંઇ આપે જ નહીં.

સિંહના ભયને કારણે એને કોઇ સ્પર્શ ન કરી શકે. સત્ય-ચારિત્ર્યવાન સ્ત્રીની આબરૂ પર કોઇ હાથ નાખી ન શકે. પ્રતાપી-શક્તિશાળીને આશ્રય ગયેલી વ્યક્તિને કોઇ નૂકશાન પહોંચાડી શકતું નથી.

આ બધી વ્યક્તિઓ જીવંત હોય ત્યાં સુધી તેમની પાસે રહેલ ધન-ચારિત્ર્ય-આશ્રિત સુરક્ષિત જ રહે છે.

### સુવિચાર

- માલિકીના ભાવ સાથે સ્વાર્થ આવે છે, અને સ્વાર્થ દુઃખરૂપ છે.. સ્વાર્થનું વળગણ ઊભું કરનારી વૃત્તિનો નાશ કરો.. સ્વાર્થને નિયમનમાં રાખવાની શક્તિ કેળવો
  **- સ્વામિ વિવેકાનંદ**
- જે કોઇ સ્વાર્થમય છે તે અનૈતિક છે... અને જે કોઇ નિઃસ્વાર્થ છે તે નૈતિક છે
  **- ઝેન કથન**
- શાંત ચિત્ત વાળા માણસ એટલે કે જેનો મનના તરંગો પર કાબુ હોય.. એની સ્વસ્થતા ઉચ્ચ કોટીની હોય છે..
  **- શ્રીમદ્ રાજચંદ્ર**
- 'તપ' અર્થાત શરીર અને ઇંદ્રિયોને દોરવા છતાં લગામ મજબૂત રીતે પકડી રાખવી
  **- રજનીશ**
- ઇશ્વર એટલે દુઃખ, કર્મો અને તેમના ફળો અને વાસનાઓથી અલિપ્ત એવો વિશિષ્ટ આત્મા
  **- સંત પૂનિત મહારાજ**
- ધર્મની સાબિતી માણસના બંધારણમાં રહેલા સત્ય પર અવલંબે છે, પુસ્તક પર નહીં
  **- માર્ક ટ્વેઇન**
- મનુષ્ય જ એક એવું પ્રાણી છે જે પોતે છે તે જ બની રહેવાની ના પાડે છે **- ધૂમકેતુ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

### બોધ કથા

માણસને ભગવાન પર ઓછો ભરોસો હોય એ સ્વાભાવિક છે પણ પોતાની ભક્તિ પર પણ વિશ્વાસ નથી માણસનો સ્વભાવ વહેમી-શંકાશીલ-અવિશ્વાસ છું.

એક સંત ખૂબ જ શ્રદ્ધાળુ હતા. ભગવાન સાથે વાતો કરતા-દરિયાકાંઠે સાંજે ટહેલવા જતા મંત્રજાપ કરતા ત્યારે દરિયાની રેતીમાં પોતાના ઉપરાંત બીજાં પણ બે પગલાં દેખાયાં - સંતે ભગવાને પુછ્યું - પ્રભુ આ પગલાં કોનાં છે? ભગવાન કહે તારું રક્ષણ કરવા સદાય હું તારી સાથે જ ચાલું છું..

ત્યાં સમુદ્રમાંથી કોઇ રાક્ષીસી પ્રાણી નિકળ્યું સંતને માથાં માર્યું. બેભાન થઇ ગયા. એકાદ કલાક પછી ભાનમાં આવ્યા. જાગીને જોયું તો ઘટના બની હતી ત્યાંથી છેક અહીં સુધી એક જ વ્યક્તિનાં પગલાંના નિશાન હતા..

તરત તેણે ભગવાનને ઠપકાની ભાષામાં કહ્યું, ભગવાન આવું કેમ કર્યું. પેલું જાનવર આવ્યું અને તમે ભાગી ગયા? કહેતા હતાને તારી રક્ષા કરીશ - જુઓ તમારાં પગલાં જ નથી. મેં તમને પકડી રાખ્યા ને!?

ભગવાન હસ્યા - કહ્યું, ભક્ત એ મારાં જ પગલાંનાં નિશાન છે તને તો મેં કાંધ પર ઊંચકી લીધો હતો!!

પણ તારા અવિશ્વાસને કારણે હવે હું તારી સાથે નહીં રહું..

Email - sureshchandrabhatt18@gmail.com

# ભાલચંદ્ર કાજલેકર દ્વારા પ્રગટ કરાતા અંક "સાહિત્ય પ્રસાદ" ના ૨૦૫ના "પ્રથમ વિશેષાંક" નું વિમોચન

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર

**સાહિત્ય અવસર હેતુ :**

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા માતૃભાષા ગુજરાતીને સદાય જીવંત રાખવા અને તેના ગૌરવભર્યા સાહિત્યને હરપળ અને હરઘડી ધબકતું અને ધડકતું રાખવા; સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકારોને પોંખીને સન્માન અપાય છે, તો નવોદિતોને પ્રોત્સાહિત કરી, તેમના પ્રયત્નોને બિરદાવવામાં આવે છે. આવો જ એક કાર્યક્રમ તા. ૧૧-૧-૨૦૧૫ને રવિવારના રોજ સાંજના ૫.૦૦ વાગે, શિયાળાના ખુશનુમા રમ્ય વાતાવરણમાં ઉપપ્રમુખ નવટર હેડાઉ 'વનવિહારી'ની અધ્યક્ષતામાં, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે, સિનીયર સિટીઝનના કાર્યાલયમાં - તેમનાં સદ્ભાવથી સુપેરે સંપન્ન થયો.

આ સાહિત્યે અવસરની શરૂઆતમાં સૌ પ્રથમ શબ્દની આરાધ્ય દેવી મા સરસ્વતીની સ્તુતિ, મંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા - સર્વેના ધબકતા સૂરના સથવારે રજૂ કરવામાં આવી. ત્યારબાદ દિવંગત બાળસાહિત્યકાર વસંતલાલ પરમાર અને દિવંગત અભિનય સમ્રાટ - પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીના અવસાન બદલ બે મિનિટનું મૌનપાળી શ્રદ્ધાંજલિ સહ શ્રદ્ધાસુમન અર્પણ કરાયાં.

ત્યારબાદ, સંસ્થાનો વાર્ષિક ઉત્સવ ફેબ્રુઆરીમાં આઠમી તારીખે - ચંદ્રકાન્ત મહેતાના જન્મશતાબ્દિ વર્ષને અનુલક્ષીને યોજવા બાબતેની વિગતો અધ્યક્ષસ્થાનેથી આપવામાં આવી. આ માસમાં સંસ્થાના ૮ સભ્યોના જન્મદિન આવતા હોઇ, સર્વેને શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

ત્યારબાદ નવોદિત સાહિત્યકારો સર્વ (૧) સંજય થોરાત (૨) રમણલાલ શ્રીમાળી (૩) સુમંતભાઇ શાહ (૪) ઇશ્વરલાલ જોશી (૫) મહેન્દ્રભાઇ રાઠોડ (૬) મૂળજીભાઇ પરમાર - દધિ (૭) રણછોડભાઇ પરમાર દ્વારા તેઓની કૃતિઓ - કાવ્ય, ગીત, ગઝલનું પઠન કરવામાં આવ્યું, જેને હાજર સર્વેએ નાણ્યુ, માણ્યુ ને વખાણ્યું.

ત્યારબાદ ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો માટે, પોતાની રીતે - સ્વેચ્છાએ એક વર્ષથી ભાલચંદ્ર કાજલેકર દ્વારા પ્રગટ કરાતા અંક "સાહિત્ય પ્રસાદ" ના ૨૦૫ના "પ્રથમ વિશેષાંક" નું વિમોચન સાહિત્ય સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી', ઉપપ્રમુખ સુરેશ ભટ્ટ, મૂળજીભાઇ પરમાર - દધિ તથા સંજય થોરાત અને પ્રો.સોમભાઇ પટેલના હસ્તે કરવામાં આવ્યું . કાજરેકરે સર્વેનો આભાર માની 'વિશેષાંક'નું વિતરણ કર્યું.

આ સાહિત્ય અવસરમાં પઠન કરાયેલ કૃતિઓ પૈકીની કેટલીક કૃતિઓને માણીએ અને આ નવોદિતોની ઊગતી - ઊભરતી કૃતિઓને નાણીએ.

**કાવ્ય સેતુ : અંતે તુજ નામે ભાસે**

નયમનાં તુજ જયોતિ, જોઉં સઘળે વિશ્વે ગોતી...
હૃદયમાં હો વાસ તારો, બસ હૃદયનાથ જોતી... (૧)
સ્મરણ હર શ્વાસે-ઉચ્છવાસે, મુજ પાસે...
આસપાસ વિશ્વનિવાસે બસ તુજ ભાસે...(૨)
ચરણમાં તુજ ભ્રમણ... ભમું તિરથધામ જહીં...
જગમાં તુજ સહારો, હર પળ નામ તુજ લઇ... (૩)
ન કોઇ વિધા, સવિધા, ન ભેદ અભેદ ચિંતવું જયારે...
જયાં જયાં ચિંધ્યો, ત્યાં તને જોઉં અંદર બહારે... (૪)
ન કોઇ આકાર, નિરાકાર, નિરંજન જો કોઇ ભાળે...
ટાળે આધી-વ્યાધિ-ઉપાધિ, ભવાભવ બંધન ટાળે... (૫)
બ્રહ્મ સત્ય, જગત મિથ્યા, વેદપુરાણ ભાખે...
'રમણ' હૃદયાશ વિશ્વાસ, અંતે તુજ નામ ભાસે... (૬)

**- રમણલાલ શ્રીમાળી**

**કવિનો આક્રોશ**

એક કવિએ બંડ પોકારી,
ઝડપ્યું એક વિચિત્ર બીડું,
ગરમ સૂર્ય ઉપર રેડી દીધું
ડોલ ભરીને પાણી ઠંડુ...
ચંદ્રને લાગેલો કાળો ડાઘ
જોઇ મનમાં જ એ હસ્યો,
બીજે જ દિવસે પીંછી લઇ
સફેદ એને રંગી નાંખ્યો...
સૂર્યમાળાના બધાં જ ગ્રહો
ફાટલા થેલામાં એણે ભર્યા,
સમુદ્રના ઊંડા કાળા પાણીમાં
જઇને બધાંને ડૂબતાં કર્યા...
ઉપગ્રહો બધાં તરતા થઇ
આકાશે ભીડ કરતાં હતાં,
લાત મારીને એણે બધાં
ઉપગ્રહોને પાડી દીધા હતા...
એક જ ફૂંક મારીને સમુદ્રને
શાંત એણે કરી દીધો.
પાણી ઉપર ચાલતા ચાલતાં
કલમના ટેકે વિશ્વપ્રવાસ કીધો...

**- સંજય થોરાત**

**ધૂપતો કરજો**

અમારી આ પથારીમાં તમે આરામ તો કરજો;
તમોને કંટકો વાગે તો અમાને માફ તો કરજો.
દુઃખોની વાત કરનારા અમારા સ્નેહીને પુછું;
તમે દુઃખ લઇ સુખ કોને કીધું તો યાદ તો કરજો.
નઠારાથી નઠારાઓ ઘણા લોકો વસે અહિયાં;
નઠારા જો તમે ના હો તો સત્યની ચાહના કરજો.
બીજાને ચીંધવા જાતા ભૂલો હું તો પડ્યો રણમાં;
દયા આવે તો મારા ઘેર જઇને જાણતો કરજો.
ખુદાની પાસે શા માટે હું માગું કયાં ભિખારી છું?
તમારે આપવું હોયે તો મુજને સાદતો કરજો.
અમે જાતે ગયા ચાલી, અમારી એ ખુમારી છે;
જનાજા પરના આવ્યાં પણ કબર પર ધુપ તો કરજો.

**- મહેન્દ્રભાઇ રાઠોડ**

• • •

શક્યને અશક્ય બનતું રોક તું,
વાંસેથી આવીને ધબ્બો ઠોક તું,
સ્વપ્નમાંથી બહાર નીકળી ભાગ તું,
નજરું ના આંબે ત્યાં જઇને થોભ તું.
પ્રેમના પડઘા બધે છલકાય છે,
મૌનમાંથી અર્થ એવા શોધ તું.
નેણને બે નેણ માંહી પોરવી,
આંગળીએ લે ટચાકા ફોડ તું,
એક ભીંની પળ મળી છે ભાવની,
આજ તો નાહી લે માથાબોળ તું,
કોટાળું બેઠી છે આંબાડાળ પર
સૂર ગંગાની બકી દે હોડ તું
આંખનો શણગાર તારા સ્વપ્ન છે
આવ, ધીરજથી ગઠરિયાં છોડ તું.

**- રણછોડ વી. પરમાર**

# આપણી આસપાસના ચેતન-અચેતન સૃષ્ટિમાં પરમને જોવાનું બળ તથા દૃષ્ટિ મળે તેવી પ્રાર્થના કરીએ

## સંસ્કાર ચિંતન

**- અનંત ન. વ્યાસ**

ઘોરા ઋષતો નમો, અસ્ત્વેમ્યશ્ચક્ષુદેષાં મનશ્ચ સત્ય

ઋષિગણો અત્યંત તેજસ્વી હોય છે, કારણ કે તેઓની આંખોમાં તથા મનમાં સત્ય જ પ્રકાશિત થાય છે. આવા ઋષિઓને પ્રણામ કરીએ છીએ.

અથર્વવેદ - ૨-૩૫-૪

આજકાલ એક દૃષ્ટિએ વિચારતા કે તપાસ કરતા એવો ખ્યાલ બંધાય છે કે ધાર્મિક પુનુરુત્થાનનો સમય આવી ગયો છે. ધાર્મિક કથાઓમાં, સપ્તાહોમાં અને શોભાયાત્રાઓમાં માનવ મેદની ઊમટી પડે છે. પદયાત્રાઓ ઠેર-ઠેર યોજાય છે ને તેમાં યુવાનો વધારે પ્રમાણમાં જોડાય છે. જો આ જાગૃતિ વક્તાની વાણી માણવા પૂરતી જ હોય, તો તેને ધર્મ સાથે કશી લેવા દેવા નથી. પણ જો વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવાય તથા વિચારના પાયા પર ઋષિ વચનો પર શ્રદ્ધા જાગે તો જ ધર્મમાં પ્રાણ પુરાય, આજે તો વિવિધ માન્યતાઓ, રૂઢ પરંપરાઓ, સાંપ્રદાયિક રિવાજોને લઇ ધર્મના નામે ગુંચવાડો ઊભો થયો છે. આનું એક કારણ આપણે મૂળ ગ્રંથોને કયારેય અભ્યાસ કર્યો નથી. માત્ર કથાકારોએ ઉપજાવી કાઢેલી દૃષ્ટાંત - કથાઓને જ ધર્મના નિયમો માની લીધા છે. ધર્મના ઠેકેદારોએ, કહેવાતા આચાર્યોએ, કે કથાકારોએ પ્રજાને કયારેક સાચા ધર્મ વિષયક જાણ જ કરી નથી. પરિણામે પ્રજા અજ્ઞાનમાંજ આળોટે છે.

આપણા ધર્મના મૂળ ગ્રંથો તો વેદ અને ઉપનિષદ છે. હાલમાં વેદની જાણકારી આપતા ગ્રંથો અને લખાણો પણ પ્રાપ્ત થાય છે. વેદો જ્ઞાનને પ્રવાહિત કરનારા ગ્રંથો છે. દરેક વેદ કાંડમાં વિભક્ત છે. દરેક કાંડમાં સૂક્તો હોય છે ને દરેક સૂક્તોમાં ઋચાઓ હોય છે. અરવિંદના મતે આ સૂક્તોના નિર્માતા કોઇ વ્યક્તિગત ઋષિ નથી. ઋષિ તો માત્ર દૃષ્ટા છે. તેને જે દર્શન થયું, એ જે કંઇ પામ્યા તે તેણે વાણીમાં ઉતાર્યું એ દૃષ્ટિએ જ વેદ ઇશ્વર-નિર્મિત ગણાય છે. વેદ તથા ઉપનિષદની ભાષા ગૂઢાર્થ ધરાવતી છે. વાણી ગૂઢાર્થી હોય કે સામાન્ય પણ વેદો શુભ-કર્મો દર્શાવતા ગ્રંથો છે. તેમાંથી જ આપણને વૈદિક ધર્મના તત્ત્વોનો પરિચય મળે છે. સાચો ધર્મ તો નૈતિક, સામાજિક તથા આધ્યાત્મિક સત્યને જ પ્રકાશિત કરે છે. માત્ર કથાવાર્તાઓમાં, દેવ-દર્શનોમાં કે યાત્રાઓનો જબ્બર મોહ ઊભો થયો છે. એ યાત્રા નથી માત્ર પ્રવાસ છે. સાચી યાત્રા તો મનમાં શક્તિ તથા જ્ઞાન-પ્રકાશને ભરી સનાતન આનંદનો અનુભવ કરાવે.

ઉપરોક્ત ઋચામાં ઋષિને તેજસ્વી ગણાવ્યા છે. આ તેજ તેઓએ જોયેલ તથા પામેલ સત્યનું છે. ગુરુદેવ ટાગોરે માત્ર ચર્મચક્ષુ વડે જોવાથી પણ પામી શકાય તેમ જણાવ્યું છે. આપણે તો નિહાળતા પણ નથી ને સામાન્ય જોતા પર નથી. ઋષિનું જોવું એ દર્શન છે. આપણે મંદિરે જઇએ ત્યારે ભગવાનને જોવા નથી જતા તેના દર્શન કરવા જઇએ છીએ. ઋષિ આ સમસ્ત વિશ્વને જુવે છે અને તેમાં વિલસતા પરમ તત્ત્વને અનુભૂતિથી પામે છે. 'ગુજરાતનો નાથ' એ નવલખ્યામાં મુનશીજીએ એક પ્રસંગ આપ્યો છે. સવારનો સમય છે. સમુદ્ર પર એક બાજુ સુર્યોદય થાય છે. રેવાના પાણી જયાં મળે છે ત્યા સફેદ ફીણના ગોટા - ને ઉપર ઊડતા પંખી - મંજરી આ સૌંદર્યમય દૃશ્ય જોઇ આનંદ પામે છે. ત્યારે 'કાક' ને માત્ર ડહોળું પાણી જ દેખાય છે. આ છે જોવા તથા પામવા વચ્ચેનો તફાવત. ઋષિના ચિત્તમાં સત્યની જયોતિ પ્રગટી ચૂકી છે. સત્યનો પ્રકાશ ચિત્તમાં અલૌકિક આનંદ પ્રગટાવે છે. તેનું વહન અનુભૂતિના જ્ઞાને અલૌકિક તેજસ્વી બને છે. સ્વ જ્ઞાનનું - આત્મજ્ઞાનનું તેજ છે. એ વિલય નથી પામતું. મહાત્મા ગાંધીજીના અગ્નિદાહ વખત નહેરુજીએ કહેલું આપણો દીવો બીઝાયો... પણ તેમાંથી પ્રગટેલ સત્યની જયોત વિશ્વને સેકડો વર્ષ પ્રકાશ આપશે.

ઋષિએ જોયું અને મનમાં પ્રતિષ્ઠિત કર્યું પ્રગતિનું આ આગળનું સોપાન છે. પામવું અને તેને આત્મસાત કરવું આ ઘડીભરની અનુભૂતિ નથી. પળવારનો માત્ર સાક્ષાત્કાર નથી. એ સત્ય - પરમ તત્ત્વ તો કાયમ માટે મનમાં પ્રતિષ્ઠિત થઇ ગયું. હવે ઋષિ વ્યક્તિ મટી વિશ્વમાનવી બની ગયા. આપણા આજના યુગમાં યોગી અરવિંદ તથા રમણ - મહર્ષિને એ કક્ષા પ્રાપ્ત થઇ હતી. જે પોતાની આસપાસની તમામ પદાર્થોમાં પરમાત્માનું દર્શન કરતાં. અથર્વવેદ એ વાત સત્ય અને શક્ય છે તેની પ્રતીતિ કરાવે છે. ઋષિએ સત્યને ધારણ કર્યું. સત્યમય બન્યા - અર્થવ એ પરમ-તત્ત્વ સાથે ઐક્ય પામ્યા.

આવા તેજોમય જ્ઞાની ઋષિઓ માટે આપણને તો માત્ર પ્રણામ જ કરવાના રહે. આમાંથી પરમાત્મા સત્યછે કે સત્ય એ જ પરમતત્ત્વ છે તેવું ફલિત થઇ શકે. 'સત્યમેવ જયતે' તેવું આપણે વારંવાર બોલીએ છીએ પણ તેનું અનુશીલન કયારેય કરતા નથી. ગુરુદેવ ટાગોર કહે છે કે આપણે આસ્તિક હોવાનો દંભ કે ઢોગ કરીએ છીએ. પરમાત્મા બધે વ્યાપેલો છે. તેમ કહીએ છીએ પણ સદા તેની અવજ્ઞા કરી ચાલ્યા જઇએ છીએ. આપણા રોજ-બરોજના વ્યવહારમાં કયારેક પરમ-તત્વનો નથી ડર રાખતા - નથી યાદ કરતાં - છતાં આસ્તિક છીએ. આપણી આસપાસના ચેતન-અચેતન સૃષ્ટિમાં પરમને જોવાનું બળ તથા દૃષ્ટિ મળે તેવી પ્રાર્થના કરીએ.

# એલસા સવારનો વકરો સદનસીબે બપોરે બેંકમાં મૂકી આવી હતી એટલે માત્ર ચાર હજાર ડોલર ગયા હતા, પણ આ ઘટનાથી એને ધ્રૂજારી છૂટી

## ભૂખ ભૂંડી છે

- જય ગજ્જર

એલસા અને પીટર ન્યુ યોર્કના બ્લેક લોકોને કારણે મનથી ત્રાસી ગયાં હતા. ચાર વર્ષમાં એ કાળિયાઓના ખરાબ અનુભવ થયા હતા. જો કે બંને માનતા હતા કે બધા જ કાળિયા ખરાબ નથી હોતા પણ એમને કમનસીબે બધા જ કાળિયાઓના ખરાબ અનુભવો થયા હતા.

આજે એના કવીક માર્ટમાં એક કાળિયાએ સિગારેટનું પેકેટ માગી દસ ડોલરની નોટ કાઢી. ચાર ડોલર કાપી છ ડોલર પાછા આપવા કેશ રજિસ્ટર ખોલ્યું તો પેલા કાળિયાએ સામે ગન ધરી હુકમ કર્યો, "જે રકમ હોય તે મને ચૂપચાપ આપી દે નહિતર..."

એ વાક્ય પૂરુ કરે તે પહેલાં એલસાએ કેસ બોક્સનું બધું એની થેલીમાં ઠાલવી દીધું. સડસડાટ કેશ લઇ એ ભાગી ગયો.

એલસા સવારનો વકરો સદનસીબે બપોરે બેંકમાં મૂકી આવી હતી એટલે માત્ર ચાર હજાર ડોલર ગયા હતા. પણ આ ઘટનાથી એને ધ્રૂજારી છૂટી. જલદી સ્ટોર બંધ કરી ગઇ ગઇ. પીટરે પૂછ્યું, "આજ સ્ટોર વહેલો કેમ બંધ કર્યો?"

એલસાએ આજના બનાવની વિગતે વાત કરી કહ્યું, "હું તને કયારની કહું છું કે આ શહેરમાં રહેવા જેવું નથી. એક દિવસ જાન જાય એની રાહ જુએ છે?"



"પણ કયાં જઇશું? કાગડા બધે જ કાળા હોય છે. દરિયામાં રહેવું અને મગરથી બીવાનો શો અર્થ?"

"ટોરોન્ટો મુવ થઇ જઇએ. એ શહેરમાં ગુનાખોરી નહિવત જ છે."

"સારું હું ઇન્ટરનેટ પર તપાસ કરું. કોઇ સારો કવીક માર્ટ સેલમાં હોય તો ખરીદી લઇએ. હું પણ ઓફિસમાં કાળિયાઓના વર્તન અને વ્યવહારથી ત્રાસી ગયો છું."

સદનસીબે યંગ સ્ટ્રીટ પર એક કવીક માર્ટ વેચવાનો હતો. એણે ફોન કરી વિગતો મેળવી. સાદો અને સારો લાગ્યો.

બંને વચ્ચે કિંમતની બાંધછોડમાં મહિનો નીકળી ગયો. સ્ટોર ખરીદતાં પહેલાં બંને એ સ્ટોર જોવા ટોરન્ટો જવા કારમાં નિકળ્યાં.

બોર્ડરના રેઇનબો બ્રિજના કસ્ટમ ઓફિસરે પૂછ્યું, "કેનેડા કેટલા દિવસ માટે જાઓ છો?"

કસ્ટમ ઓફિસર તરીકે કાળિયાને જોઇ એલસા પીટર પાસે સરકી ધીમેથી બોલી, "મને લાગે છે કે કાળિયાઓથી આપણને છૂટકારો નથી મળવાનો."

એના શબ્દો પર ધ્યાન ન આપતાં પીટરે જવાબ આપ્યો. "એક જ દિવસની સફર છે. એક કવીક માર્ટનું ડીલ થઇ જાય તો સાંજે પાછાં ફરીશું."

પાસપોર્ટનો ફોટો અને કારમાં બેઠેલી સ્ત્રીને ઘડીભર જોઇ રહ્યો. ફ્લેશબેક થતાં કસ્ટમ ઓફિસરે ધીરે રહીને પુછ્યું, "તમારા ન્યુયોર્કના સ્ટોરનું શું કરશો?"

પીટરે આશ્ચર્ય પામી વિચાર કર્યા વિના સત્ય કહી દીધું, "એ વેચી દેવાનો છે. ખોટા વિસ્તારમાં ફસાઇ ગયા છીએ. પણ તમને કયાંથી ખબર?"

"કાલે પહેલો પગાર મળતાં તમારું ઋણ ચૂકવવા હું તમારે ત્યાં આવવાનો હતો."

"શેનું ઋણ?"

"હું કોમર્સ ગ્રેજ્યુએટ છું. પણ બ્લેક હોવાથી બાર મહિનાથી કોઇ નોકરી મળતી નહોતી. બે બાળકો છે, પત્ની છે. કંઇ આરો નહોતો એટલે કમતિ સૂઝી. ગોરો હોય કે કાળો માનવી ભૂંડો નથી, ભૂખ ભૂંડી છે. તમારાં મિસિસે કેશના પૈસા મને આપેલા એમાં સૂંઠવાળા હાથીની નાની મૂર્તિ હતી. મારી પત્નીને ગમી જતાં કિચનમાં મૂકી. એના પાંચમા દિવસે મને આ નોકરી મળી. કાલ મારી રજા છે એટલે નક્કી કરીને નોકરી પર આવ્યો છું કે કાલે તમારો આભાર માનવા આવવું. આજની આ અણધારી મુલાકાત પણ કદાચ એ મૂર્તિનો પ્રભાવ હશે!"

પાસપોર્ટ પાછા આપતાં એણે પુછ્યું. "કાલ પાછા ફરશો ને? સાંજે હું સ્ટોર પર તમારાં મિસિસને મળવા આવવાનો છું."

પીટરે કંઇ જવાબ આપ્યા વિના કાર રીવર્સ લઇ ન્યુ યોર્ક તરફ હંકારી.

- jaygajjar26@gmail.com